| | | | |
|---|---|---|---|
| રજુકર્યા તારીખ: | ૦૭–૦૧–૨૦૨૩ | | |
| દાખલ તારીખ: | ૦૭–૦૧–૨૦૨૩ | | |
| ફેસલ તારીખ: | ૩૦–૦૪–૨૦૨૬ | | |
| સમયમર્યાદા: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૩ | ૦૩ | ૨૩ |

નામદાર સુપ્રિમ કોર્ટ SUO MOTO WRIT (CRL) NO. (S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI નાGF 179 A– અન્વયેના નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩ તા. ૨૦/૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પ્રર્ફોમા મુજબ

FORM -A

........................................................................

**જામનગરના મે. ૪ થા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ**

**(ચુકાદાની તારીખ: ૩૦/૦૪/૨૦૨૬ )**

**સેશન્સ કેસ નં. ૦૪/૨૦૨૩**

**આંક:– ૭૫**

| એફ.આઇ.આરની વિગતો ગુનો / પોલીસ સ્ટેશન | |
|---|---|
| પોલીસ સ્ટેશન | સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન |
| ગુન્હો: | આઇ.પી.સી.કલમ –૪૯૮(એ) ૩૦૬,૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૪ મુજબ |
| ત્હોમતનામા મુજબ ત્હોમત | આઇ.પી.સી. કલમ –૪૯૮(એ) ૩૦૬,૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૪ મુજબ |
| ફરીયાદી: | જાનકીબેન કનૈયાલાલ કેશવાણી |
| વિ. એ.પી.પી.શ્રી<br>મુળ ફરીયાદી તરફે: | એમ.પી.જાની<br>વિ.વ.શ્રી પી.આર.ગણાત્રા |
| આરોપીઓ: | ૧. સંદીપભાઇ દિલીપભાઇ મેઠીયા જાતે: સિંધી ભાનુશાળી, ઉ.વ. ૨૮, ધંધો: નોકરી, રે. સત્યમ કોલોની ઓશવાળ–૪ શેરી નં. ૩, બ્લોક નં. |

| | |
|---|---|
| | ૫૧/૬, જામનગર.<br>૨. દિલીપભાઇ ત્રિકમભાઇ મેઠીયા જાતે: સિંધી ભાનુશળી , ઉ.વ ૫૩, ધંધો: વેપાર, ર. સદર<br>૩. જશોદાબેન દિલીપભાઇ મેઠીયા જાતે: સિંધી ભાનુશાળી, ઉ.વ. ૫૨, ધંધો: ઘરકામ, રે. સદર |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી | વિ.વ. શ્રીએન.બી. બુધ્ધભટ્ટી |

## FORM -B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ: | તા. ૨૧/૦૯/૨૦૨૨ |
| ફરીયાદની તારીખ: | તા. ૨૭/૧૦/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ: | તા. ૨૫/૧૨/૨૦૨૨ |
| તહોમત ફરમાવ્યાની તારીખ: | તા. ૧૩/૦૨/૨૦૨૫ |
| પુરાવો શરુ કર્યાની તારીખ: | તા. ૦૧/૦૮/૨૦૨૫ |
| ચુકાદો સંક્ષીપ્તમા રાખ્યાની તારીખ: | તા. ૩૦–૦૪–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ: | તા. ૩૦–૦૪–૨૦૨૬ |
| સજાના હુકમની જો કોઇ તારીખ હોય તો, | |

## આરોપીની વિગત:

| આરોપી નં. | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન પર મુકત કરવામા આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવનાન ખનરવયન કે કસુરવાન | શું સજા કરી | ક્રિમીનલપ્રો કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧.<br>૨<br>૩ | સંદીપભાઇ દિલીપભાઇ મેઠીયા<br>દિલીપ ભાઇ ત્રિકમ ભાઇ મેઠીયા<br>જશોદાબેન દિલીપભાઇ મેઠીયા | ૦૨/૧૧/૨૨ | | આઇ.પી.સી. કલમ–૪૯૮(એ) ૩૦૬,૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૪ મુજબ | | | |

FORM-C

## ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાહેદોનુ લિસ્ટ

(એ) ફરીયાદ પક્ષ તરફે ::

## ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો

| અં નં. | સાહેદનુ નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | જાનકીબેન કનૈયાલાલ કેશવાણી | ફરીયાદી | ૧૯ |
| ૨. | કનૈયાલાલ નારણદાસ કેશવાણી | સાહેદ | ૨૧ |
| ૩. | સુમિતભાઇ કનૈયાલાલ કેશવાણી | સાહેદ | ૨૩ |
| ૪. | મેહુલ ચીમનલાલ ઉપાધ્યાય | ડોકટર સાહેદ | ૨૭ |
| ૫. | અંજુબેન જેઠાભાઇ પોપાણીયા | એ.એસ.આઇ | ૩૧ |
| ૬. | વસંતલાલ રામજીભાઇ ગામેતી | પી.એસ.આઇ | ૩૬ |
| ૭. | કલ્પનાબા નિર્મળસિંહ જાડેજા | પી.એસ.આઇ | ૪૦ |
| ૮. | મયુરસિંહ મહેન્દ્રસિંહ જાડેજા | હેડ. કો. | ૫૫ |

(બી) બચાવ પક્ષે સાહેદ જો હોય તો,

| સાહેદનંબર | સાહેદનુ નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| -- | ---- | --- |

(સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,

| સાહેદ નંબર | સાહેદનુ નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| -- | --- | -- |

ફરીયાદ પક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજી પુરાવા:

| અ નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અસલ ફરીયાદ | ૨૦ |
| ૨. | લાશનુ પી.એમ. કરવા બાબતની યાદી | ૨૮ |
| ૩. | અસલ મરણોતર ફોર્મ | ૨૯ |

| | | |
|---|---|---|
| ૪. | પી.એમ.રીપોર્ટ | ૩૦ |
| ૫. | ગુનો રેકર્ડ કરવાનો રીપોર્ટ | ૩૨ |
| ૬. | અસલ એફ.આઇ.આર | ૩૩ |
| ૭. | સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ | ૩૪ |
| ૮. | ગુનાની તપાસ સંભાળી લેવા બાબતની યાદી | ૩૭ |
| ૯. | આરોપીનુ અટક પંચનામુ | ૩૯ |
| ૧૦. | યાદીઓ | ૪૧ થી ૪૯ |
| ૧૧. | તપાસમા જવાની મંજુરી આપવામા આવેલ તે અંગેની યાદી | ૫૦ |
| ૧૨. | સ્ટેશન ડાયરીમા આરોપીને અટક કર્યાની નોંધ કરવાની યાદી | ૫૧,૫૨ |
| ૧૩ | આરોપીને  કોર્ટ કસ્ટડીમા સંભાળી લેવા બાબતની યાદી | ૫૩ |
| ૧૪. | ઇન્કવેસ્ટ પંચનામુ | ૫૬ |
| ૧૫. | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | ૫૭ |
| ૧૬ | લાશ સોપ્યા અંગેની પહોંચ | ૫૮ |
| ૧૭. | સીડીઆરની માહિતી આપવા બાબતેની યાદી તથા ફોર્મ | ૫૯,૬૦ |
| ૧૮ | સીડીઆરની માહિતી | ૬૧ |
| ૧૯ | પી.એમ નોટ મળવા બાબતેની યાદી | ૬૨ |
| ૨૦ | રવાનગીપત્ર તથા સતા અંગેનુ પ્રમાણપત્ર | ૬૩ |
| ૨૧ | રવાનગીપત્રક તથા સતા અંગેનુ પ્રમાણપત્ર | ૬૪ |
| ૨૨ | એફ.એસ.એલ રાજકોટને મુદામાલ મળ્યા અંગેની પહોંચ | ૬૫ |
| ૨૩ | શરીર સ્થીતી તથા અટક કર્યાનુ પંચનામુ | ૬૬ |
| ૨૪ | અટક કર્યા બાબતે સ્ટેશન ડાયરીમા નોંધ કર્યા બાબતની યાદી | ૬૭ |
| ૨૫ | આરોપીને આપેલ લેખીત નોટીસ | ૬૮ |
| ૨૬ | આરોપીને અટક કર્યા બાબતે સ્ટેશન ડાયરીમા નોંધ કર્યા બાબતેની યાદી | ૬૯ |
| ૨૭ | એફ. એસ.એલ રાજકોટનો ફોરવર્ડીંગ પત્ર | ૭૨ |
| ૨૮ | એફ.એસ.એલ રાજકોટનો પરીક્ષણ અહેવાલ | ૭૩ |
| ૨૯ | કલોઝીંગ પુરસીસ | ૭૪ |

## બચાવ પક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો

| અ નં. | દસ્તાવેજનુ નામ | દસ્તાવેજનુ વર્ણન |
|---|---|---|
| -- | -- | -- |

## કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ નં. | દસ્તાવેજનુ નામ | દસ્તાવેજનુ વર્ણન |
|---|---|---|

| | | |
|---|---|---|
| -- | -- | -- |

## મુદામાલની વિગત
## મુદામાલ પાવતી નં. ૫૪/૨૨ તા. ૨૨/૦૯/૨૦૨૨

| અ નં. | આર્ટીકલ | મુદામાલની વિગત |
|---|---|---|
| ૧. | | એક કાપડની બેગીમાં લાલ કલરનો ૬ ફુટ ૬ઇંચ લંબાના મરણ જનારના દુપટો<br>એક સેમસંગ કંપનીનો ગેલેકસી અરાઇઝ મોડલનો મોબાઇલ ફોન |

### જજમેન્ટ

૧. ફરીયાદ પક્ષની ટુંકમા હકીકત નીચે મુજબ છે:

આ કામના આરોપીઓ ફરીયાદીના પતિ, સાસુ તથા સસરા થતા હોય, તેઓએ તા. ૨૧/૦૯/૨૦૨૨ ના રોજ કલાક ૨૨:૩૦ વાગ્યેથી ૨૩:૧૫ વાગ્યા સુધી, ફરીયાદીની દીકરી (મરણજનાર) ને તેના લગ્ન જીવન દરમ્યાન તેના પતિ દ્વારા ચારિત્રય બાબતે શંકા કુશંકાઓ કરી, મારકુટ કરી, અવાર નવાર દહેજની માંગણી કરી, શારીરીક તથા માનસિક દુ:ખ ત્રાસ આપી તથા તેના સાસુ સસરા દ્વારા મરણજનારને પહેરવા ઓઢવા પુરતા કપડા નહી આપી તેમજ રસોઇ બનાવવામાં વાંક કાઢી, મેણાંટોણા મારી, તેમજ દહેજની માંગણી કરી, તે બાબતનો ખાર રાખી, સતત માનસીક દુ:ખ ત્રાસ આપીને, તમામ આરોપીઓએ મરણજનારને અસહય શારીરીક તથા માનસીક દુ:ખ ત્રાસ આપી, મરણજનારને મરવા માટે મજબુર કરતા, મરણજનારે પોતાના સાસરીયાના ઘરે દુપટ્ટા વડે ગળાફાંસો ખાઇ મરણ જતા, આરોપીઓએ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૪૯૮એ, ૩૦૬,૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા, ૧૯૬૧ ની કલમ-૪ મુજબનો ગુનો કરેલ હોય, આરોપીઓ સામે ફરીયાદ નોંધવામા આવતા, ફરીયાદની તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતા વિદ્વાન જામનગરના ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ નાઓની કોર્ટમા ચાર્જશીટ દાખલ થયેલી જેને ફોજદારી કેસ નં.

૧૧૬૧૭/૨૦૨૨ થી નોંધવામાં આવેલ. ત્યારબાદ, સદર કેસ ઈન્સાફી કાર્યવાહી સારૂ જામનગર ના વિધ્વાન ૧૦ મા ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમા ટ્રાન્સફર કરવામાં આવેલ. ત્યારબાદ, આરોપીઓને સમન્સ કાઢતા આરોપીઓ હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે આપી, ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૦૯ અન્વયે સદર કેસ સેશન્સ કોર્ટમા કમિટ કરવામાં આવતા જે કેસ સેશન્સ કેસ નં. ૦૪/૨૦૨૩ થી નોંધવામાં આવેલ.

૩. ત્યારબાદ આરોપીઓ અત્રેની કોર્ટમા હાજર રહેતા તેઓના વિરૂધ્ધમા આંક–૧૧ થી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૪૯૮એ, ૩૦૬, ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા, ૧૯૬૧ ની કલમ–૪ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેનુ ત્હોમતનામુ ફરમાવી, વાંચી, સંભળાવી, આંક–૧૨ થી આંક–૧૪ સુધી આરોપીઓનુ નિવેદન લેવામાં આવેલ છે. જેમા આરોપીઓએ તેમના વિરૂધ્ધ ગુનાનો ઈન્કાર કરતા આરોપીઓ વિરૂધ્ધ ની ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે. જેમા ફરીયાદ પક્ષે ઉપરોકત મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

૪. ઉપરોકત મુજબનો પુરાવો લીધા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળનુ આરોપીઓનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ તેઓ વિરૂધ્ધ પડેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે તેમજ તેઓ એ જણાવેલ છે કે, "અમારા વિરૂધ્ધ ખોટી ફરીયાદ તેમજ ખોટો કેસ કરેલ છે તેમજ ખોટુ ચાર્જશીટ કરેલ છે." તેમજ તેઓને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ પર જુબાની આપવી નથી તેમ જણાવે છે.

૫. ફરીયાદ પક્ષે વિ.વ. એ.પી.પી.શ્રી એમ.પી.જાની દ્વારા મૌખિક દલીલ કરવામાં આવેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, આ કામના ફરીયાદી પોતે મરણજનારના માતા છે અને તેઓ બનાવ સંબધે ફરીયાદ આપેલી છે. વધુમાં તેઓએ દલીલ કરેલ છે કે, ફરીયાદ પક્ષે મરણજનારના માતા પિતાશ્રીને તપાસેલા છે પરંતુ તેઓ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી, તેમ છતાં જો પોલીસ સાહેદોની જુબાની ધ્યાને લેવામા આવે તો, ફરીયાદ મુજબનો બનાવ બનેલ છે તેવુ માની શકાય છે અને મરણજનારનુ મૃત્યુ

ગળેફાસો ખાવાથી થયેલ છે તે તબીબી પુરાવાથી પુરવાર થાય છે. તેથી આરોપીઓને આક્ષેપિત ગુનામા તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

૬. આરોપીઓ તરફે વિ.વ.શ્રી એન.બી. બુધ્ધભટ્ટીએ દલીલ કરતા જણાવેલ છે કે, પોલીસે આરોપીઓ સામે ખોટો કેસ કરેલ છે, સૌ પ્રથમ બનાવ અકસ્માત મોત તરીકે જાહેર થયેલ છે અને તેમાં કોઈપણ આરોપી સામે આક્ષેપ મુકવામા આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ એકાદ મહિના પછી નોંધવામા આવેલ છે અને ફરીયાદ વિલંબ દાખલ કરવા બાબતે ફરીયાદ પક્ષે કોઈ કારણ જણાવેલ નથી. વધુમાં, ફરીયાદ પક્ષના મહત્વના સાહેદો કે જેઓ મરણજનારના માતા પિતા તેમજ ભાઈ છે તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. આમ, ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવવા અરજ કરેલ છે.

૭. ઉપરોકત સંજોગોમા આ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપિસ્થત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓ ફરીયાદીના પતિ, સાસુ તથા સસરા થતા હોય, તેઓએ તા. ૨૧/૦૯/૨૦૨૨ ના રોજ કલાક ૨૨:૩૦ વાગ્યેથી ૨૩:૧૫ વાગ્યા સુધી, ફરીયાદીની દીકરી (મરણજનાર) ને તેના લગ્ન જીવન દરમ્યાન તેના પતિ દ્બારા ચારિત્રય બાબતે શંકા કુશંકાઓ કરી, મારકુટ કરી, અવાર નવાર દહેજની માંગણી કરી, શારીરીક તથા માનસિક દુ:ખ ત્રાસ આપી તથા તેના સાસુ સસરા દ્બારા મરણજનારને પહેરવા ઓઢવા પુરતા કપડા નહી આપી તેમજ રસોઈ બનાવવામાં વાંક કાઢી, મેણાંટોણા મારી, તેમજ દહેજની માંગણી કરી, તે બાબતનો ખાર રાખી, સતત માનસીક દુ:ખ ત્રાસ આપીને, તમામ આરોપીઓએ મરણજનારને અસહય શારીરીક તથા માનસીક દુ:ખ ત્રાસ આપી, મરણ જનારને મરવા માટે મજબુર કરતા, મરણ જનારે પોતાના સાસરીયાના ઘરે દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈ મરણ જતા, આરોપીઓએ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૪૯૮એ, ૩૦૬,૧૧૪

તથા દહેજ પ્રતિબંધક ધારા, ૧૯૬૧ ની કલમ-૪ મુજબનો શિક્ષાત્મક ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

૮. ઉપરોકત મુદાઓ પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,
(૨) આખરી હુકમ મુજબ

// કારણો //

૯. આ કામે ફરીયાદ પક્ષે આંક-૧૯ થી જાનકીબેન કનૈયાલાલ કેશવાણી ને તપાસેલા છે કે જેઓ મરણજનારના માતાશ્રી છે. તેઓ પોતાની જુબાનીમાં બનાવ સબંધે આંક-૨૦ થી ફરીયાદ રજુ રાખેલ છે. તેઓ પોતાની જુબાનીમા જણાવે છે કે, મારી દીકરી સુનીતાના લગ્ન આશરે દશેક વર્ષ પહેલા જામનગરમા રહેતા સંદીપભાઇ દીલીપભાઇ મેઠીયા સાથે અમારી જ્ઞાતિના રીત રિવાજ મુજબ થયેલા હતા. મારી દીકરી સુનીતાએ તેના સાસરે ગળાફાંસો ખાઇ મરણ ગયેલ હતી. કયા કારણસર તેણે ગળાફાંસો ખાધેલ તેની મને ખબર નથી. મને મારી દીકરીના સાસુએ મને આ બનાવની જાણ ફોનથી કરેલી. મારા કહયા મુજબ તેને સાસરીમાં કોઇ તકલીફ ન હતી. મારી દીકરીને લગ્ન બાદ કયારેય તેમના સાસરી પક્ષમાથી કોઇપણ દુ:ખ ત્રાસ કે મેણાં ટોણા મારેલ હોય તેવુ બનેલ નથી. આમ, સદરહુ ફરીયાદી પોતાની જુબાનીમા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી જેથી તેઓને વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરવા અને ઉલટ-તપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા અત્રેના કોર્ટ પાસેથી પરવાનગી મેળવી, તેઓએ ઉલટ-તપાસ કરેલ છે. તેમ છતા તેઓની ઉલટ-તપાસમા તેઓએ ફરીયાદપક્ષને મદદ થાય તેવી કોઇ હકિકત જણાવેલ નથી. બચાવ પક્ષ તરફે ઉલટતપાસમા, તેઓ સ્વીકાર કરે છે કે પોલીસે પહેલા નિવેદન લીધેલુ અને ત્યારબાદ ફરીયાદ લીધેલી તેમજ મારી ફરીયાદ મે નિવેદન આપ્યાના એકાદ મહિના પછી નોંધવામા આવેલી. તેઓએ વધુમા સ્વીકારે કરેલ છે કે તે ફરીયાદ પોલીસે તૈયાર કરીને આપેલી અને તેમા મે સહી કરેલી પોલીસે મને નામ, ઉંમર અને રહેઠાણ

પુછેલુ અને મને સહી કરવાનુ  કહેતા મે સહી કરી આપેલી. આ સંજોગોમા ફરીયાદ પક્ષને ફરીયાદીની જુબાની થી કોઇ મદદ મળી શકે તેમ નથી.

૧૦. ફરીયાદ પક્ષે આંક–૨૧ થી કનૈયાલાલ નારણદાસ કેશવાણીને તેમજ આંક–૨૩ થી  સુમિતભાઇ કનૈયાલાલ કેશવાણીને તપાસેલા છે કે જેઓ મરણજનારના પિતા તેમજ ભાઇ થાય છે. તેઓએ પણ પોતાની જુબાનીમાં આરોપીઓ વિરુધ્ધ કોઇપણ પુરાવો આપેલ નથી.આમ, સદરહુ ફરીયાદી પોતાની જુબાનીમા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી જેથી તેઓને વિદ્વાન એ.પી.પી.શ્રી  દ્વારા ફરી ગયેલા જાહેર કરવા અને ઉલટ–તપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા અત્રેના કોર્ટ પાસેથી પરવાનગી મેળવી, તેઓએ ઉલટ–તપાસ કરેલ છે.  તેમ છતા તેઓની ઉલટ–તપાસમા તેઓએ ફરીયાદપક્ષને મદદ થાય તેવી કોઇ હકિકત જણાવેલ નથી.  આ સંજોગોમા ફરીયાદ પક્ષને સદરહુ સાહેદોની જુબાની થી કોઇ મદદ મળી શકે તેમ નથી.

૧૧. ફરીયાદ પક્ષે આંક–૨૭ થી ડોકટર  મેહુલ ચીમનલાલ ઉપાધ્યાય ને તપાસેલા છે કે જેઓ તથા ડોકટર હરેશ જે. પરમાર નાઓએ મરણજનારના શબનુ પરીક્ષણ કરેલ છે અને તેઓએ આંક– ૩૦ થી પી.એમ. રીપોર્ટ રજુ રાખેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં મારા તથા મારી સાથી પેનલ ડોકટર હરેશ જે. પરમાર ના અભિપ્રાય અનુસાર મરણજનારનુ મૃત્યુ ગળેફાસો ખાવાને લીધે શ્વાસ રુંધાઇ જવાથી થયેલ છે તેમ જણાવેલ  છે. વધુમાં તેઓએ આંક–૨૮ થી પોલીસ યાદી તથા આંક–૨૯ થી મરણજનારની લાશને પી.એમ. કરવા બાબતે ભરવામા આવેલ  રીપોર્ટ રજુ કરેલ છે. બચાવ પક્ષ તરફે ઉલટતપાસમા તેઓ સ્વીકાર કરે છે કે, મે જયારે પી.એમ. કર્યુ ત્યારે મરણજનારના શરીર ઉપર ગળાના ભાગે ઈજા સિવાયની કોઇ અન્ય ઈજા જોવા મળેલ નહી અને મરણજનારનુ મૃત્યુ ગળે ફાસો ખાવાના લીધે  હોવાનો  મારો અભિપ્રાય છે.

૧૨. ફરીયાદ પક્ષે આંક–૩૧ થી એ.એસ.આઇ અંજુબેન જેઠાભાઇ પોપણીયાને તપાસેલા છે કે જેઓને પી.એસ.આઇ વી.આર. ગામેતી સાહેબ પાસેથી આ કામની ફરીયાદ મળતાં તેઓએ ફરીયાદ દાખલ કરેલી. વધુમાં તેઓએ પણ આંક–૩૨ થી ગુનો રેકર્ડ કરવા બાબતેનો રીપોર્ટ તેમજ આંક–૩૩ થી એફ.આઇ.આર  તેમજ આંક–૩૪ થી સ્ટેશન ડાયરીની નોંધ રજુ રાખેલ છે. બચાવ પક્ષ તરફે ઉલટતપાસમાં હાલનો બનાવ બન્યાના એક મહિના બાદ ફરીયાદી દ્વારા ફરીયાદ આપવામાં આવેલ  હોવાનુ સ્વીકારે છે  તેમજ મે માત્ર ફરીયાદના અનુસંધાને ગુનો દાખલ કરવાની કાર્યવાહી  કરેલ છે તેમ પણ સ્વીકારેલ છે.

૧૩. ફરીયાદ પક્ષે આંક–૩૬ થી પી.એસ.આઇ વસંતભાઇ ગામેતીને તપાસેલા છે કે જેઓ બનાવના અરસામાં પી.એસ.આઇ તરીકે ફરજ બજાવતા હોય, તેઓ રૂબરૂ મરણ જનારના માતા જાનકીબેન ના નિવેદન લેતાં, તેઓ દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૪ તથા આઇ.પી.સી. કલમ–૩૦૬, ૪૯૮–ક, ૧૧૪ મુજબની મરણજનારના પતિ તથા સાસુ સસરા સામે ફરીયાદ આપતા તેઓની લેખીત ફરીયાદ તેઓના લખાવ્યા મુજબની લખી લઇ ગુનો દાખલ કરવા આપેલી. વધુમાં તેઓએ ગુનો મહિલા અત્યાચાર બાબતનો હોય, આગળની તપાસ મહીલા પોલીસ સ્ટેશન મોકલવાની આંક–૩૨ વાળી યાદી કરેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં તેઓએ આંક–૨૦ વાળી ફરીયાદમા પોતાની સહી તથા ફરીયાદીની સહી ઓળખી બતાવે છે અને તે ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબ નોંધી લીધેલ હોવાનુ જણાવેલ છે અને આંક–૩૭ થી મહીલા પોલીસ સ્ટેશનને લખેલ યાદી રજુ રાખેલ છે. તેઓ વધુમા ફરીયાદી જાનકીબેન કનૈયાલાલ કેશવાણી એ તેમના લખાવ્યા મુજબની ફરીયાદ લખેલી અને તેઓએ તેમની રુબરુ જે નિવેદન આપેલ છે તેનુ પુનરાવર્તન કરેલ છે. આમ તેઓએ ફરીયાદીની જુબાનીમા જણાય આવતી વિસંગતતાને દુર કરી આપેલ છે. બચાવ પક્ષ તરફે તેઓએ સ્વીકારે કરે છે કે કોઇપણ ગુનો દાખલ કરતા પહેલા તે બનાવમા જો અ.મોતની તપાસ કરેલ હોય તો ગુનો દાખલ કરતા પહેલા તે તપાસના કાગળોને સામાન્ય રીતે અભ્યાસ કરવો જોઇએ અને હાલની ફરીયાદલેતા પહેલા અમોએ અ.મોત બાબતના તપાસના કોઇ પેપર્સ જોયેલા નથી. વધુમા તેઓએ કબુલ રાખેલ છે કે, આ કામે ફરીયાદી એ જે ફરીયાદ આપેલી તે પ્રમાણે નોંધી લીધેલી અને યાદી કરેલી અને તે સિવાય મે કોઇ કાર્યવાહી કરેલ નથી તેવુ સ્વીકારેલ છે. આમ, સદરહુ સાહેદની જુબાનીથી સદર સાહેદે ફરીયાદી એ જે ફરીયાદ આપેલી તે પ્રમાણે નોંધી લીધેલી હોવાનુ જણાય આવે છે.

૧૪. ફરીયાદ પક્ષે આંક–૪૦ થી પી.એસ.આઇ કલ્પનાબા નિર્મળસિંહ જાડેજાને તપાસેલા છે. તેઓએ તપાસની કાર્યવાહીની વિગત પોતાની જુબાનીમાં જણાવેલ છે અને આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા નામદાર કોર્ટમા ચાર્જશીટ દાખલ કરેલ. તેઓ પોતાની જુબાની આંક–૩૯ થી આંક–૫૩ વાળા દસ્તાવેજો રજુ રાખેલ છે અને તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદન પણ લીધેલા છે તેમ જણાવેલ છે. વધુમાં, તેઓએ પોતાની જુબાનીમાં સાહેદ સુમિત કનૈયાલાલ કેશવાણી નાઓએ તેમના લખાવ્યા મુજબનુ નિવેદન લખેલુ અને તેઓએ તેમની રુબરુ જે નિવેદન આપેલ છે તેનુ પુનરાવર્તન કરેલ છે. આમ તેઓએ સાહેદની જુબાનીમા જણાય આવતી વિસંગતતાને દુર કરી આપેલ છે.બચાવ પક્ષ તરફે ઉલટતપાસમાં હાલના બનાવ પહેલા આરોપી તરફથી મરણજનારને દુ:ખ ત્રાસ હોવા બાબતે કોઇ ફરીયાદ કે કોઇ કોર્ટ કેસ થયેલ હોય તેવી કોઇ હકીકત મારી તપાસ દરમ્યાન રેકર્ડ પર

આવેલ નથી તેમ સ્વીકારે છે અને ફરીયાદ બનાવના એક માસ બાદ આપવામા આવેલી છે તે વાતનો પણ સ્વીકાર કરે છે. તેઓએ વધુમા તે વાત કબુલ રાખેલ છે કે મારી તપાસ દરમ્યાન બનાવ બન્યો ત્યારે કોઈ પણ આરોપી બનાવ સ્થળે હાજર ન હતા અને બહાર ગયેલા હતા તેવી હકીકત રેકર્ડ પર આવેલી અને મારી તપાસ દરમ્યાન બનાવ સ્થળના આડોશી પડોશી કે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલા નથી. આમ, સદરહુ સાહેદની જુબાનીથી પણ આરોપીઓ વિરૂધ્ધ કોઈ પુરાવો રજુ થતો નથી.

૧૫. ફરીયાદ પક્ષે આંક–૫૫ થી હેડ. કો. મયુરસિંહ મહેન્દ્રસિંહ જાડેજા નાઓને તપાસેલા છે. તેઓને મરણ ગયેલ લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ કરવાની વર્ધી મળતા તેઓએ બે પંચો રૂબરૂ તેમના લખાવ્યા મુજબનુ વિગતવારનુ પંચનામુ જગદીશસિંહ તેમજ પુનમબેન હિતેન્દ્રભાઈ મંગે રૂબરૂ કરેલુ. તેમજ બીજા અન્ય બે પંચો મહેશભાઈ પેથાભા વાઘેલા તથા ધર્મેન્દ્રભાઈ બોચીયાના રૂબરૂ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ તેમજ તે વખતે દુપટ્ટો તથા મોબાઈલ કબજે કરેલ હોવાનુ જણાવેલ છે. તેઓ વધુમાં અ.મોતના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તેમજ મરણ જનારનુ કારણ જાણવા સારૂ પી.એમ. કરવા યાદી તથા મરણોતર ફોર્મ ભરી મરણજનારની લાશને જામનગર જી.જી.હોસ્પીટલે લઈ ગયેલ હોવાનુ જણાવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં આંક–૫૬ તથા આંક–૫૭ થી ઈન્કવેસ્ટ પંચનામુ તથા બનાવવાળી જગ્યાનુ પંચનામુ રજુ રાખેલ છે અને તેમજ આંક–૫૮ થી ૬૯ સુધી અન્ય દસ્તાવેજો રજુ રાખેલ છે. ઉલટ–તપાસમાં તેઓ જણાવે છે કે, મે અ.મોતની કરેલ તપાસ પ્રમાણે બનાવ સમયે કોઈ પણ સ્થળે બનાવ સમયે હાજર ન હતા, તેમજ મે કરેલ તપાસમાં કોઈપણ સાહેદોના નિવેદન ઉપરથી કોગ્નીઝેબલ ગુનો બનતો હોય તેવી કોઈ હકીકત મારી તપાસ દરમ્યાન જાણવા મળેલ નથી.

૧૬. આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામના મહત્વના સાહેદો કે જેઓ મરણજનારના માતા–પિતા તેમજ ભાઈ છે તેઓએ આરોપીઓ વિરૂધ્ધ કોઈ પણ પુરાવો આપેલ નથી, તેમજ આ કામે તપાસ કરનાર અમલદાર પી.એસ.આઈ કલ્પનાબા નિર્મળસિંહ જાડેજાએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. જેથી પણ આરોપીઓ વિરૂધ્ધ અન્ય કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આ કામે ફરીયાદ પણ બનાવના એક માસ બાદ આપવામા આવેલી છે અને ફરીયાદ વિલંબ થી આપવાનુ કોઈ કારણ ફરીયાદ પક્ષે જણાવેલ નથી. આ રીતે ફરીયાદ પક્ષે રજુ કરેલ તબીબી પુરાવાથી મરણજનારનુ મૃત્યુ ગળેફાંસો ખાવાના લીધે શ્વાસ રુંધાઈ ગયેલ હોવાનુ પુરવાર થાય છે પરંતુ આરોપીઓએ મરણજનારને અવાર નવાર દહેજની માંગણી કરી તેમજ શારીરીક તથા માનસીક દુ:ખ

ત્રાસ આપી, આત્મહત્યા કરવા મજબુર કરેલ હોય તેવો કોઈપણ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલ નથી. આ સંજોગોમાં ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય મુદા નં. ૧ નો જવાબ નકાર આપી, મુદા નં. ૨ નો જવાબ નીચે મુજબ આપવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

૧. આ કામે આરોપીઓ નં. ૧ સંદીપભાઈ દિલીપભાઈ મેઠીયા, રે. સત્યમકોલોની, ઓશવાળ–૪ શેરી નં. ૩, બ્લોક નં. ૫૧/૬, જામનગર, તથા આરોપી નં. ૨: દિલીપભાઈ ત્રીકમભાઈ મેઠીયા, રે. સદર, તથા આરોપી નં. ૩ જશોદાબેન દિલીપભાઈ મેઠીયા રે. સદર નાઓને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ–૪૯૮–એ, ૩૦૬, ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૪ મુજબના ગુનામાથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. દરેક આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭–એ મુજબના રૂા. ૧૦,૦૦૦/– અંકે રૂપિયા દશ હજારના જામીન તથા જાત મુચરકા રજુ કરવા.

૩. મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

આ હુકમ આજરોજ તા. ૩૦ મી એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જામનગર. (શામનાથ ચંદ્રમોહન વેમુલા)

તા. ૩૦/૦૪/૨૦૨૬ ૪થા એડીશ્નલ ડીસ્ટ્રીકટ અને સેશન્સ જજ,
જામનગર કોડ નં. જી.જે ૦૦૮૧૮

ટી.એ.દવે